# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૭/6076 તા.૧૦/૦૭/૨૦૧૭

પરિપત્ર:-૨૭૨

વિષય: ગુણની પુનઃચકાસણી બાબતે.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને પી.જી સેન્ટરના વડાઓને જણાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની વિવિધ પરીક્ષાઓના સેમેસ્ટર-૧ અને ૨ ના પરિણામ જાહેર કરવામાં આવેલ છે. પરિણામ જાહેર થયા બાદ જે વિદ્યાર્થીઓ પોતાના પેપરના મળેલ ગુણની પુનઃચકાસણી કરવા માંગતા હોય તેઓ વધુમાં વધુ ૩(ત્રણ) પેપરના મળેલ ગુણની પુનઃચકાસણી કરાવી શકશે. યુનિવર્સિટી દ્વારા ગુણની પુનઃચકાસણી અંગેની વિષયદીઠ ફી ૨૫૦(બસ્સો પચાસ રૂપિયા) નક્કી કરવામાં આવેલ છે. કોલેજો દ્વારા પેપરના ગુણની પુનઃચકાસણી અંગેના ફોર્મ જે તે પરીક્ષાના પરિણામ જાહેર થયાના ૧૫ દિવસ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયમાં જરૂરી ફી સાથે જમા કરાવવાના રહેશે. ગુણ પુનઃચકાસણીનું ફોર્મ આ સાથે સામેલ છે.નિયત સમય-મર્યાદા બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. જેની સર્વે સંબંધિતોએ નોંધ લેવી તેમજ આ બાબતની જાણ આપની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કરવા વિનંતી.

નોંધ: ગુણની પુનઃચકાસણીના ફોર્મ કોલેજ કક્ષાએથી યુનિવર્સિટીને મોકલવાના રહેશે, કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને ગુણની પુનઃચકાસણી માટે યુનિવર્સિટી મોકલવાના રહશે નહિ.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. સેન્ટરના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

# Shri Govind Guru University

**(Established vide Gujarat Act No. 24/2015)**

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

સુચના : ગુણ પુન:ચકાસણી અંગેના નિયમો તથા માહિતી કાળજીપૂર્વક વંચાણે લીધા બાદ જ અરજીની વિગત ભરવી.

ગુણ પુન:ચકાસણી અંગેની ફી

- ૧ વિષય માટેની ફી રૂ. ૨૫૦/-
- ૨ વિષય માટેની ફી. રૂ. ૫૦૦/-
- ૩ વિષય માટેની ફી. રૂ. ૭૫૦/-

પ્રતિ,

કુલસચિવશ્રી,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

ગોધરા, જી. પંચમહાલ.

માનનીય સાહેબશ્રી,

હું નીચે જણાવેલ વિગતે મારા વિષય/પેપરમાં ગુણ પુન:ચકાસણી કરાવવા માંગું છું તો તે માટે મારી અરજી સ્વીકારવા વિનંતી કરું છું. ગુણ પુન:ચકાસણીના પાછળ જણાવેલ નિયમો મેં વાંચ્યા છે અને તે અંગે વખતોવખતના ફેરફાર મને બંધનકર્તા રહેશે અને તેની બાહેંધરી આપું છું. આ પરીક્ષાના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખેલ છે.

અટક નામ પિતા/પતિનું નામ

૧. પરીક્ષાર્થીનું નામ: ..........................................................................

૨. પત્રવ્યવહારનું સરનામું:

..........................................................................

..........................................................................

પિન કોડ .................................... મો. નં./ફોન નં. ....................................

૩. પરીક્ષાનું નામ અને વર્ષ .................................... માર્ચ/એપ્રિલ/નવેમ્બર/ડીસે. ............

૪. કોલેજનું નામ: ..........................................................................

૫. પરીક્ષાનો બેઠક નં. .................................... પરીક્ષા કેન્દ્ર: ....................................

૬. પરિણામ જાહેર થયાની તારીખ : ..........................................................................

૭. પુન:ચકાસણીની ફી ભર્યાની વિગત: .............................. પહોંચ નં. ..................તારીખ ..............................

૮. જે વિષય/પેપરના ગુણની પુન: ચકાસણી કરાવવાની હોય તેની વિગત:

| ક્રમ | વિષય | પ્રશ્નપત્ર નંબર | યુનિવર્સિટીમાં પરીક્ષામાં મેળવેલ ગુણ | |
|---|---|---|---|---|
| | | | જે તે પ્રશ્નપત્રના કુલ ગુણ | જે તે પ્રશ્નપત્રમાં મેળવેલ ગુણ |
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |

તારીખ: આપનો વિશ્વાસુ

સ્થળ: પરીક્ષાર્થી ની સહી

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા દ્વારા ડિસેમ્બર/જાન્યુઆરી/એપ્રિલ/મે- ૨૦ માં લેવાયેલ અને ત્યાર પછીના વર્ષમાં લેવાનાર પરીક્ષાઓના પરીક્ષાર્થીઓની ઉત્તરવહીઓની ગુણની પુન:ચકાસણી કરાવવા અંગેના નિયમો અને સૂચનાઓ.

1. ગુણ રી-ચેકિંગના ફોર્મ સ્વીકારવાની વ્યવસ્થા જે તે કોલેજે કરવાની રહેશે. યુનિવર્સીટીની વેબસાઈટ પરથી ફોર્મ મેળવી કોલેજે વિધાર્થીને આપવાનું રહેશે.
2. કોલેજોએ વિદ્યાર્થીઓ પાસે નિયત કરેલ અરજીપત્રક, જરૂરી વિગતો સાથે સંપૂર્ણ ભરાવીને જરૂરી ફી તથા કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે, જે તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી અથવા સુધારેલ પરિણામ જાહેર કર્યાની તારીખથી ૧૫ દીવસો, (વર્કિંગ દિવસો) બાદ,કોલેજે વધુમાં વધુ ૩ દિવસની સમય મર્યાદામાં યુનિવર્સિટી કાર્યાલયને મળે તે રીતે મોકલવાનાં રહેશે. અરજી પત્રકો વિદ્યાર્થીની સહીવાળા મોકલવાનાં રહેશે. તેમજ સાથે જે તે પરીક્ષાની વાંચી શકાય તેવી ગુણ પત્રકની ઝેરોક્ષ સામેલ કરવાની રહેશે.
3. ગુણ પુન:ચકાસણી માટે વિષય દીઠ/પ્રશ્ન પત્રદીઠ ફી રૂ. ૨૫૦/- રહેશે. જરૂરી ફી રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી(એક્ઝામ), સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, મુખ્ય શાખા ગોધરા ના ખાતા નંબર ૩૫૫૬૭૦૨૯૭૨૦ માં RTGS દ્વારા જમા કરાવવાની રહેશે અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જરૂરી ફી ની રકમ સ્પષ્ટ વીગતો સાથે અત્રેની યુનિવર્સીટીનાં એકાઉન્ટ વિભાગમાં જમા કરાવવાની રહેશે.
4. ડિમાન્ડ ડ્રાફ્ટ રજીસ્ટ્રાર, શ્રી ગોવિદ ગુરુ યુનિવર્સિટી (એકઝામ),ગોધરાના નામનો કઢાવવાનો રહેશે.
5. ગુણ પુન:ચકાસણી માટે અરજી કરી ફીની રકમ ભર્યા બાદ કોઈ પણ સંજોગોમાં અરજી પાછી ખેચી શકાશે નહિ કે ભરેલી ફીની રકમ પરત મળી શકશે નહિ.
6. અધુરી અને ખોટી વિગત ભરેલી અરજીઓ, નિયત ફી સિવાયની કે સમયમર્યાદા બાદ આવેલી અરજીઓ તેમજ ખૂટતી ફીની સમયમર્યાદામાં મોકલવામાં ન આવે તેવી અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહિ.
7. આંતરીક ગુણાંકન , M.C.Q, પ્રેક્ટીકલ વાઈવા, ડેઝટેશન, ટર્મવર્ક, સેમીનાર, પ્રોજેક્ટ-વર્કની કોઈ પણ પરીક્ષાની પુન:મૂલ્યાંકન માટેની અરજી સ્વીકારી શકાશે નહી.

ઉપર જણાવેલ નિયમો અને સૂચનાઓ સંબધે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે યુનિવર્સિટી\ લીધેલો નિર્ણય આખરી ગણાશે. અને જે તે પરીક્ષાર્થીને બંધનકર્તા રહેશે.

I/c કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા